ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૪
અંક : ૩

## શેર બજાર

એક વાર એક ગામમાં એક માણસ આવ્યો. તેણે ગામવાસીઓને કહયું કે તેને વાંદરાઓ પકડવા છે. પ્રત્યેક વાંદરા પાછળ તે ગામવાસીઓને ૧૦ રૂા. આપશે. ગામવાળા તો ખુશ થઈ ગયા અને નજીકના જંગલમાં જઈને વાંદરાઓ પકડવા લાગ્યા. વાંદરા પકડવા માટે ગામવાળાઓમાં તો જાણે સ્પર્ધા જ જામી ગઈ. દરેક જણ વાંદરાઓ પકડવા અને તે માણસ દરેક વાંદરા પાછળ ૧૦ રૂા. આપતો. અમુક દિવસ પછી ગામવાસીઓને ઓછા વાંદરા મળવા લાગ્યાં... ત્યારે પેલા માણસે ગામવાસીઓને કીધુ કે હવે તે એક વાંદરા પાછળ ૨૦ રૂા આપશે. ગામવાસીઓ બાજુના જંગલમાંથી વાંદરાઓ લાવ્યા અને પ્રત્યેક વાંદરા પાછળ ૨૦રૂા. વસુલ કર્યા. થોડા દિવસ પછી તે માણસે " પ્રત્યેક વાંદરા પાછળ ત્રીસ રૂપિયા આપીશ " એમ કહયું અને બહુ ઓછા વાંદરા ખરીદયા કારણ કે ગામવાસીઓને વાંદરા મળતાજ નહોતા... હવે હું વાંદરા પચાસ રૂપિયામાં ખરીદીશ એમ કહીને પેલો માણસ વાટ જોવા લાગ્યો. ગામવાસીઓ તેને વાંદરા આપી શકયા નહિ ત્યારે તેને કહયું કે, " હું થોડા દિવસ માટે નજીકના શહેરમાં જઈને આવું છું, ત્યાં સુધી જો તમને વાંદરાઓ મળે તો મારા મદદનીશ પાસે જમા કરજો અને તેની પાસેથી પૈસા લઈ લેજો... તે માણસ શહેરમાં ગયા પછી તેના મદદનીશે ગામવાસીઓને કહયું કે જો તમને વાંદરાઓ મળતા ના હોય તો હું જે વાંદરાઓ જમા થયા છે, તે તમને ૩૫ રૂપિયામાં આપીશ, અને પછી મારો શેઠ શહેરથી આવ્યા પછી તે જ વાંદરા તમે ૫૦ રૂપિયામાં તેને વેચી શકો છો. એટલે તમને એક વાંદરા પાછળ ૧૫ રૂપિયાનો ફાયદો થશે. ગામવાસીઓને આ યોજના ગમી ગઈ અને તેઓએ શકય હોય ત્યાંથી પૈસા ઉધાર લઈને પણ ૩૫ રૂપિયામાં વાંદરા ખરીદવા લાગ્યાં. બધા વાંદરા વેચીને પેલો મદદનીશ શહેરમાં ગયો. એના પછી ગામવાસીઓને પેલો માણસ દેખાયો નહિ અને એનો મદદનીશ પણ. પણ પુરા ગામમાં ફકત વાંદરાઓ દેખાવા લાગ્યાં. આવી રીતે ચાલે છે શેર બજાર !!! – (ઇન્ટરનેટ પરથી)

**અસત્ય ઉચ્ચારનારને કોઈ મિત્ર મળતો નથી પુણ્ય કે યશ પણ મળતાં નથી.**

## જમીન માપણી અને અંતર

૧ ચો.વાર = ૯ ચો.ફુટ
૧ ચો.વાર = ૦.૮૩૬૧ ચો.મી
૧ ચો.ફુટ = ૦.૦૯૨૯ ચો.મી
૧ એકર = ૪૦ ગુંઠા
૧ એકર = ૪૦૪૬.૮૫ ચો.મી
૧ એકર = ૦.૪૦૪૬ હેક્ટર
૧ હેક્ટર = ૨.૪૭૧૧ એકર
૧ હેક્ટર = ૧૦૦૦૦ ચો.મી
૧ હેક્ટર = ૧.૧૯૬૦
૧ ગુંઠા = ૧૦૧.૧૭૧૩ ચો.મી
૧ ગુંઠા = ૧૨૧ ચો.વાર
૧ ગુંઠા = ૧૦૧૦ ચો.ફુટ
૨૦ વસા = ૧.વીઘા
૧ વીઘા = ૨૩૭૮ ચો.મી
૧ વીઘા = ૨૮૪૩.૫ ચો.વાર
૧ વીઘા = ૨૫૫૯૧.૫૦ ચો.ફુટ
૧ કિ.મી = ૧૦૦૦ મી
૧ કિ.મી = ૦.૬૨૧૪ ૧.માઈલ
૧ કિ.મી = ૩૩૩.૩ ફુટ
૧ માઈલ = ૧.૬૦૯ કિ.મી
૧ ચો.કિ.મી = ૧૦૦૦૦૦૦ ચો.હેક્ટર
૧ ચો.કિ.મી = ૧૦૦ હેક્ટર
૧ વસા = ૧૨૮૦ ચો.ફુટ
૧ વસા = ૧૧૯ ચો.મી
૧ વસા = ૧૪૨.૨૨ ચો.વાર




*તા. ૧૮–૩–૧૨ ના રોજ ધામણી પી.એચ.સી. સેન્ટર પર મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૩૮ જેટલા વ્યકિતઓએ ભાગ લીધેલ હતો.*

**તમારા કદીયે નિષ્ફળ ન જનારા મિત્રોમાં પુસ્તકો સૌથી મોખરે છે.**

## સંપુર્ણ સ્વચ્છતા અભિયાન

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની જુનાગઢ જીલ્લામાં આ અભિયાન હેઠળની કામગીરીમાં ૧ એપ્રિલ ૨૦૧૦ થી સામેલગીરી બની હતી. તાલાળા, સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં ૧૨ વ્યકિતઓની ટીમ સાથે શરુ કરેલા આ કાર્યમાં વિતેલા બે વર્ષનું મુલ્યાંકન કરતા જણાઈ આવે છે, કે સંપુર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ સ્વચ્છતાની કામગીરીના પરિણામો ગામોમાં સારા પ્રમાણમાં જોવા મળી રહયા છે. ગામડાઓના લોકો સાથે સતત સંપર્કો, મોટીવેશન કાર્યક્રમો, ડોર ટુ ડોર મળી લોકો સુધી પહોચી સ્વચ્છતાની માહીતીઓ સ્વચ્છતાના ફાયદાઓ વિશે જાણકારી આપી લોકો સ્વયં સ્વચ્છતાને અનુસરી રહયા છે. શરુમાં આપણી ટીમે જયાં ત્યાં ઉકરડાઓ અને ગંદકી જોઈ હતી. આજે મોટા ભાગના ગામડાઓમાં ઉકરડા કે ગંદકી જોવા મળતા નથી. તેમનું કારણ એ રહયું છે કે લોકો સ્વચ્છતા વિશે સતત વિચારી રહયા છે અને અમલવારી પણ થઈ રહી છે. લોકો પોતાના બાળકો, પરિવારોની સ્વચ્છતા ને ઘ્યાનમાં રાખી ઉકરડાઓ ખેતરોમાં કે, ગામની બહાર નકકી કરેલી જગ્યા ઉપર નખાય છે. ટુંકમાં ઘણા ખરાં ગામડાઓ ઉકરડા મુકત થયા છે, થઈ રહયાં છે જે એક આપણા માટે સમાજ માટે સારી ઉપલબ્ધીઓ ગણાવી શકાય. જે લોકો ગંદાપાણી બહાર કાઢી રહયાં હતા તેવા ગામડાંઓમા સફાઈનું સ્વચ્છતાનું મહત્વ શું છે? તેવું ઘ્યાનમા ંઆવતા તે પરિવારોએ પોતાના ઘરની આસપાસ શોષખાડાઓ બનાવી ગંદાપાણી શોષખાડામાં ઉતારી રહયા છે. માખી, મચ્છર વગેરે જીવજંતુઓનો ઉપદ્રવ આવા ગંદાપાણીમાં થતા હોય છે. તેમને લીધે અનેક ભયંકર રોગોનો લોકોને સામનો કરવો પડતો હોય છે. આ રોગોને અટકાવવા એક માત્ર વિકલ્પ ગંદાપાણીનો યોગ્ય નિકાલ છે તેવું લોકો સમજતા થયા, વિચારતા થયા અને શોષખાડાઓ બનાવી ગંદાપાણીનો નિકાલ કરી રહયા છે. આજે હાઈ–ટેક જમાનામાં લોકો સ્વચ્છતા વિશે સંપુર્ણ સભાન થઈ રહયા છે અને લોકોના માનસમાં પણ ફેરફારો થયા છે. આજે ગંદુ, ગંદા રહેઠાણો, ગંદી શેરી કે મોહલ્લાઓ લોકોને ગમતા નથી. તેથી લોકો સફાઈ વિશે સંપુર્ણ સજાગ થઈ રહયા છે.

સંસ્થાની ટીમ દ્વારા અવારનવાર વેસ્ટ મેનેજમેંટ માટે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ ગ્રામ પંચાયતના પદાધિકારીઓ સાથે કાર્યશાળાઓ યોજી તે અંગેનું શિક્ષણ ઉભુ કરેલ છે. શૌચાલય વિહોણા કુટુંબોના સતત સંપર્કમાં રહી તેઓમાં શૌચાલયની જરૂર હોવાની સમજ બની છે.

**– મનસુખ વેકરીયા**

**સ્વપ્ન એ ફકત સ્વપ્ન જ છે, પણ ઘ્યેય એ સમય અને સુયોજન સાથે નુ સ્વપ્ન છે.**

## રામનવમી

રામનો જન્મ ચૈત્ર સુદ નોમે છે. શ્રીરામ વિશ્વમુર્તિ છે જ્ઞાન ગમ્ય છે, સર્વોતમ છે, તેમણે ઘણાં મોટા વર્ગને સાથે રાખી જીવન જીવી બતાવ્યું છે. મહાન નગર અયોધ્યાનાં મહારાજા હોવાં છતાં નાના રાજયોને દુઃખ આપ્યા નથી, ઈન્દ્રપણ અયોધ્યાના સિંહાસનની આશા રાખતો. આવા મહાન રાજયના રાજકુમાર હોવા છતાં, રામ કયારે સ્વછંદી થયાં નથી. રામના શીલ અને ગુણોથી માત્ર માતા–પિતા જ નહિ પરંતુ પ્રજાજનો હરહંમેશ પ્રસન્ન રહેતાં. ન્યાયની બાબતમાં રામ આદર્શ રાજા તરીકે વર્તતા. પોતાની પ્રજાને પુરો ન્યાય મળે તે માટે તેઓ સદૈવ તત્પર રહેતાં. રામ અને જાનકીનો આદર્શ સંસ્કૃતિની વૈચારીક દિવ્યતા છે.

## શ્રીજી જયંતી

શ્રી સ્વામીનારાયણ ભગવાન અને તેમના સંતોએ ગુજરાતના ગામડે ઘુમીને તેની ધુળમાં આયખું ઘસીને સૌને ચારિત્રશીલ બનાવવાની જાણે નેમ ના લીધી હોય તેમ દિવો ત્યાં દાતણ નહી એ ન્યાયે ઘરોઘર ઘુમીને સૌને સત્સંગના પીયુષ પાયા છે અને દારૂ ન પીવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, વ્યસનો ન રાખવા, આદિ અનેક અનિષ્ટોથી દુર રહેવું તે જ હિતાવહ છે. તેમ સમજાવતા અને સત્સંગમાં સૌને જોડતા. તેમણે કેવા કેવા લોકોને કેવી કેવી રીતે નૈતિકતાના પાઠ ભણાવ્યા છે. પૂર્ણ પુરૂષોતમ શ્રી સ્વામીનારાયણ ભગવાનની ૨૩૧મી પ્રાગટય જયંતી ચૈત્ર સુદ નોમ તા. ૧ એપ્રિલના રોજ આવી રહી છે.

## મહાવીર પ્રભુ

મહાવીર પ્રભુના જન્મ કલ્યાણકનો પવિત્ર દિવસ ચૈત્ર સુદી તેરસે છે. પૂર્વના પ્રજ્ઞાપુઢષોએ એમને કઢણાસાગર એટલે કહયા છે કે પ્રભુમહાવીર દેવે જીવમાત્રના હિતનો સાચો પુઢષાર્થ કર્યો છે. જૈન શાસ્ત્રોની પરિભાષામાં કહીએ તો નિગોદના જીવોની નિર્વાણ પદાભિમુખ જીવો સુધી અને સાતમી નર્કથી સર્વાર્થસિદ્ધ સુધીના સહુ કોઈ જીવો પર એમણે કઢણા વહાવી છે. ચંડકૌશીકના ડંખથી પ્રભુચરણે વહેલ દુધ સમું શ્વેત શોણીત નિહાળીને સર્પ સ્તબ્ધ થઈ ગયો. વળી આ પહેલી જ ઘટના હતી કે જેમાં સર્પનું જોર નિષ્ફળ નીવડયું હોય.

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે. **– ટપક ટીમ**

***દરેક મુશ્કેલીમાં એક તક રહેલી હોય છે.***

## તમારું સર્વસ્વ સારી સંસ્થાને સમર્પણ કરો

વેદાંતનાં પુસ્તકોનો માત્ર અભ્યાસ ખપ નહીં લાગે. આપણે આત્મનિરીક્ષણ કરી ખામીઓ શોધી કાઢવી જોઈએ. એક માણસ આશ્રમમાં આવશે અને ત્યાં ત્રણ દિવસ મુકામ કરશે. ત્રણ દિવસના મુકામને અંતે તે આ રીતે ગણતરી કરશે. એકવારના ખાણાના ૪ આના, ૬ ખાણાના ૧–૫૦ થાય. ચા અને દૂધના અને બીજા ૧–૫૦ થશે. હિંમતપૂર્વક આગળ આવી રૂા.૩ની ભેટ આપશે. આ જ માણસ તેની પુત્રવધૂ માટે રૂા.૨૦૦ ની એક સાડી ખરીદતાં સહેજ પણ ખચકાશે નહીં. પેલી મારી પુત્રવધુ છે. જયારે આ એક આશ્રમ છે. મારે જે કોઈ મારી પોતાની વ્યકિત હોય તેના માટે ખર્ચ કરવો જોઈએ. જે કોઈ વ્યકિત મારી પોતાની ના હોય તેના પર ખર્ચ કરવો જોઈએ નહી જયાં સુધી આવું જ વલણ હોય, ત્યાં સુધી તેનામાં ઈશ્વરીય સભાનતા કયાથી આવે? જો તમે મારા–તારાની ક્ષુદ્ર મનોદશા છોડી દો તો જ તમને વેદાંતિક સત્યોનો અનુભવ થાય. કોઈ સારી સંસ્થાને તમારું સર્વસ્વ સમર્પી દો. ત્યાગો, આપો. આમ કર્યા પછી જ તમારી આંખો ખુલશે અને માત્ર ત્યાર પછી તમારામાં ઈશ્વરીય સભાનતા કે બ્રહ્મજ્ઞાન આવશે. ટૂકમાં, મારા–તારાની સ્વાર્થી વૃતિ છોડો અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરો.

**– સેવાનું રહસ્ય**

## મહિલા દીન

૮મી માર્ચ ના રોજ આંતરરાષ્ટ્રીય મહીલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા રાજસ્થળી ગામે ગામની પ્રાથમિક શાળામાં વિશ્વ મહિલા દીન ના રોજ એક સુંદર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી ત્યાર પછી સ્વાગતગીત, મહીલાદીન તરીકે મહિલા સશકિતકરણ લગતા ગીતો, સાંસ્કૃતિક કાર્યક્રમ ગામના સરપંચશ્રી ચંદ્રિકાબેન મહીડા દ્વારા યોજવામાં આવ્યો હતો તેમાં ધોરણ–૮ ની વિદ્યાર્થી ઝીનલ સાંગાણી સુંદર વ્યકતત્વ આપ્યું હતું અને ત્યાર પછી ગામના સરપંચશ્રી એ મહિલા દીનનું મહત્વ સમજાવ્યું હતું તેમજ બહેનો દરેક ક્ષેત્રેમાં આગળ આવવા અને ગામનું નામ અને શાળાનું નામ રોશન કરવા પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવ્યું હતું જે અનુંસંધાને એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું અને સાથે શાળાના બાળકો ઉત્સુકતાથી રેલીમાં જોડાયા હતા અને સાથો સાથ ગામના વડીલો, બહેનો રેલીમાં જોડાયા હતા. ત્યારબાદ રેલી ગામમાં ફરી લોકજાગૃતિ લાવવા પ્રયત્ન કરેલ તેમજ અંતે શાળાના સભારૂમમાં બધા જ આવ્યા હતા. આંગણવાડી તથા શાળાના બાળકો ને મીઠાઈ વેચી કાર્યક્રમ ને પુર્ણ કરવામાં આવ્યો હતો.

**– રાજેશ રાઠોડ**

***નીચે પડવુ એ કાઈ હાર નથી, હાર એ છે કે જયારે તમે ઉભા થવાની ના પાડો.***

**કાર્યશાળા**

માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદર ઘટાડવો, ગામ સ્વચ્છ નિર્મળ કરવા પ્રયત્ન કરવા, આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવી, ગ્રામસભાઓમાં આરોગ્ય બાબતે ચર્ચા વિ. હેતુઓને લઈ તા. ૨૧ / ૨૨ ના રોજ મહિલા સ્વરાજ અભિયાન અને વાદા ન તોડો અભિયાન દ્વારા યોજાયેલ આ કાર્યશાળામાં ૪૫ જેટલી સંસ્થાઓ સાથે હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર શ્રી ધીરૂભાઈ ચૌધરી પણ જોડાયા હતા. તેઓએ કાર્યશાળામાં રજુ થયેલી બાબતો પૈકી નીચેની વિગતો ટપક ને મોકલી છે જે અહી રજુ કરૂ છુ.

રાજસ્થાન, મહારાષ્ટ્ર, પંજાબ, તમિલનાડુ, કર્ણાટક, ગુજરાત જેવા રાજયોમાં પીએચસી ની સુવિધા સારી છે. એનઆરએચએમ અંતર્ગત ઘણી સેવાઓ ૧૪/૪/૨૦૦૫થી અમલી બની છે. આ યોજનાઓનો ગામડાઓમાં પુરતો લાભ મળી શકતો નથી. ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતી ગ્રામ્ય સ્તરે કાર્યરત છે તેમને ફાળ વવામાં આવતા રૂા. ૧૦૦૦૦/– નો તેઓ સારી રીતે ગામના આરોગ્યના પ્રશ્નોના ઉકેલ માટે ઉપયોગ કરી શકે તથા તેઓ તેનુ સારું સંચાલન કરી શકે તે માટે આ સમિતીઓની ક્ષમતા વધારવા પણ પ્રયાસો થઈ રહયા છે. તેમાં અનુભવી નર્સબહેન, તાલીમી આશાવર્કર, આરોગ્ય કાર્યકર, આંગણવાડી વર્કર, પંચાયતના સભ્યો તથા વંચિત સમુદાય સહ ગામના અન્ય નાગરિકોનો તેમાં સમાવેશ કરાયેલ છે. આ સમિતીને સક્રિય બનાવવામા આવે તો ગામમાં પરિવર્તન લાવી શકાય.

કેન્દ્ર સરકાર, રાજયસરકાર, જિલ્લા સ્તર, તાલુકા સ્તરના એજન્ડા પ્રમાણે ચાર પ્રકારની ગ્રામસભાઓ થવી જોઈએ અને દરેક ગ્રામ સભાઓમાં આરોગ્ય સ્તરે ચર્ચા થવી જરૂરી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શું છે ?, આરોગ્ય કેન્દ્રમાં બદલાવ કેવી રીતે લાવી શકાય ?, પ્રાથમિક આરોગ્ય બાબતે ચિંતાઓ ? અને જાતિનું પ્રમાણ સમાન કરાવવું એ મુદાઓ પર ગૃપ ચર્ચા યોજાઈ.

<u>ધ્યાનમાં રાખવામાં મુદા</u>

- ❖ આરોગ્ય વિભાગના આયોજન ઠરાવો
- ❖ બાળકો કુપોષણ અંગેના ઠરાવો
- ❖ એડવોકસીના મુદાઓ
- ❖ આરોગ્ય ઓડીટ જે ગ્રામસભામાં મુકી શકાય.

<u>હવે પછીનું આયોજન</u>

- ❖ પંચાયત તાલીમનું અને આરોગ્યનું જોડાણ કરી સમજ આપવી.
- ❖ ચૂટાયેલ પ્રતિનિધિઓની તાલીમ / આરોગ્ય ની ભૂમિકા મુજબ કરવી.
- ❖ જિલ્લા સ્તરે બેઠક આરોગ્ય / પંચાયત સાથે કરવી.
- ❖ હિમાયત માટે પહેલ કરવી.

**ગરીબો શ્રીમંતોની નફરત કરતા હોય છે, તેમ છતાં તે શ્રીમંત બનવા પ્રયત્ન કરતા હોય છે.**



સીદુમ્બરમાં શ્રી અમર જ્યોત સહભાગી વન વ્યવસ્થા મંડળીની મીટીંગ મળી હતી.




તા. ૨૨–૩–૧૨ ના રોજ પાનવા મુકામે ૪૦ લાભાર્થીને સ્ટવનું વિતરણ કરવામાં આવેલ હતું.

**શરમ કરતા ભાઈબંધી વધારે કીમતી છે, તેને ટકાવવા શરમનો દુરોપયોગ ના કરવો જોઈએ.**

**Well-wisher of this month**

| | |
|---|---|
| Avinash Gudapati | 250 |
| Abhijit Chatterjee | 250 |
| Varun Guliani | 250 |
| Davis Solomon | 250 |
| Vinit Kumar Singh | 250 |
| Prashanth Arava | 250 |

**Engage on this month**

| | |
|---|---|
| 1 | Review planning meeting of SKNVAW Nyaya Samiti at Hariraj charitable Trust |
| 2-3 | Training on Human rights issues |
| 4 | Provided rationing kit of HIV+ Family |
| 5 | Campaign on water sanitation meeting - VRTI Bhavnagar |
| 14 | SKNVAW Director meeting at Ahemdabad |
| 15 | ICICI representative visit of SHGs of Khambha |
| 17 | Mr. Kuldip Solanki formal visit of SSKK Amreli |
| 21 | Handicap state level meeting at Ahemedabad |
| 22 | Organisation visit for SHGs training by representative of Deepak charitable Trust |
| 21-22 | NHRM consultation workshop at Gujarat Vidhyapith, Ahemedabad |

Ongoing training - Prachi (Aribharat & Beauty parler) Moradia (Aribharat, Beauty parler & Beauty parler) Chitrod (Aribharat) Ghusiya (Aribharat & Beauty parler) Rakhej And Kanjodhar (Shankh, Chip and Motikam)

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**જીવનમાં જે મળ્યું હોય તે ગમે તેણે આનંદ કહેવાય અને જે ગમતું મળે તેણે સુખ કહેવાય.**